# આશા ભોસલે

## ૮૦ વર્ષની સૂરીલી સફર અને એક અજેય વિરાસતનો અંત






**ભારતીય સંગીત જગતની સૌથી ઉર્જાવાન, જીવંત અને બહુમુખી પ્રતિભા ધરાવતી ગાયિકા આશા ભોસલે હવે સ્મૃતિશેષ બન્યા છે. ૯૨ વર્ષની વયે રવિવારે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. ચેસ્ટ ઈન્ફેક્શન અને થાકને કારણે શનિવારે તેમને દાખલ કરવામાં આવ્યા હતા. તેમના નિધન સાથે સાત દાયકા લાંબી એક એવી સફરનો અંત આવ્યો છે જેણે પેઢીઓના બાળપણ અને યુવાનીને પોતાના અવાજથી શણગાર્યા હતા.....**

### બાલ્યકાળ અને પ્રથમ સૂર

જન્મ: ૮ સપ્ટેમ્બર, ૧૯૩૩ - સાંગલી, મહારાષ્ટ્ર.
પ્રથમ પદાર્પણ: પિતાના અવસાન બાદ માત્ર ૧૦ વર્ષની ઉંમરે ૧૯૪૩માં મરાઠી ફિલ્મ 'માઝા બાલ' માટે તેમનું પ્રથમ ગીત 'ચલા ચલા નવબાલા' રેકોર્ડ કર્યું હતું.
હિન્દી સિનેમામાં પ્રવેશ: ૧૯૪૮માં ફિલ્મ 'ચુનરિયા' ના ગીત 'સાવન આયા રે' થી તેમણે બોલિવૂડમાં પોતાની ઓળખ બનાવવાની શરૂઆત કરી.

### વર્લ્ડ રેકોર્ડ અને વૈવિધ્ય

ગીતોનો મહાસાગર: આશાજીએ ફિલ્મ સંગીત, પોપ, ગઝલ, ભજન અને શાસ્ત્રીય સંગીત સહિત વિવિધ શૈલીઓમાં ૧૨,૦૦૦ થી વધુ ગીતોને પોતાનો અવાજ આપ્યો છે.
ભાષાઓ પર પ્રભુત્વ: તેમણે હિન્દી ઉપરાંત ભારતની ૧૪થી વધુ પ્રાદેશિક ભાષાઓમાં ગીતો ગાયા છે.

### મુખ્ય રાષ્ટ્રીય અને નાગરિક સન્માન

પદ્મ વિભૂષણ (૨૦૦૮): દેશનું બીજું સર્વોચ્ચ નાગરિક સન્માન.
દાદા સાહેબ ફાળકે એવોર્ડ (૨૦૦૦): ભારતીય સિનેમાનું સર્વોચ્ચ સન્માન.
રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ (નેશનલ એવોર્ડ): ૧૯૮૧ અને ૧૯૮૬માં સર્વશ્રેષ્ઠ મહિલા પ્લેબેક સિંગર તરીકે.

### ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ

વર્ષ ૨૦૧૧માં ગિનીસ બુક દ્વારા આશાજીને ૨૦ અલગ-અલગ ભાષાઓમાં ૧૨,૦૦૦ થી વધુ ગીતો રેકોર્ડ કરવા બદલ સત્તાવાર રીતે વિશ્વના સૌથી વધુ ગીતો ગાનાર કલાકાર તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા.

### ફિલ્મફેર અને અન્ય પ્રતિષ્ઠિત એવોર્ડ્સ

- ફિલ્મફેર એવોર્ડ્સ (સર્વશ્રેષ્ઠ ગાયિકા): ૧૯૬૮, ૧૯૬૯, ૧૯૭૨, ૧૯૭૩, ૧૯૭૪, ૧૯૭૫ અને ૧૯૭૯.
- ફિલ્મફેર સ્પેશિયલ એવોર્ડ: ૧૯૯૬માં ફિલ્મ 'રંગીલા' માટે.
- લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડ: ૨૦૦૧ (ફિલ્મફેર) અને ૨૦૦૨ (BBC).
- IIFA એવોર્ડ: ૨૦૦૨માં ફિલ્મ 'લગાન'ના ગીત 'રાધા કૈસે ના જલે' માટે.

### આંતરરાષ્ટ્રીય સ્તરે ગુંજ્યો અવાજ

- નાઈટીંગેલ ઓફ એશિયા એવોર્ડ (૧૯૮૭).
- સિંગર ઓફ ધ મિલેનિયમ (૨૦૦૦, દુબઈ).

### ૧૦ વર્ષની ઉંમરે શરૂઆત અને ૨૦૨૬માં છેલ્લું ગીત

આશાજીના નામે વિશ્વના સૌથી લાંબા સમય સુધી ગાનાર કલાકારનો રેકોર્ડ છે. ૧૯૪માં ૧૦ વર્ષની વયે 'માઝા બાલ'થી શરૂ થયેલી આ સફર ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ રિલીઝ થયેલા ઇન્ટરનેશનલ બેન્ડ 'ગોરિલાઝ' ના આલ્બમ 'ધ માઉન્ટેન'ના ગીત "ધ શેડોઈ લાઈટ" સુધી અવિરત ચાલી. ૯૨ વર્ષની ઉંમરે પણ તેમનો અવાજ એટલો જ સ્થિતિસ્થાપક અને તાજો હતો.

### લતા દીદીની નજરે આશા: "તેની બરાબરી કોઈ ન કરી શકે"

બંને બહેનો વચ્ચેની કથિત સ્પર્ધા વિશે લતા મંગેશકરે પોતે એક પુસ્તકમાં લખ્યું હતું, "આશા દરેક પ્રકારના ગીતો ગાઈ શકે છે - પછી તે ઉદાસ હોય, ડાન્સ નંબર હોય કે કેબ્રે. તે મારી બહેન છે એટલે નહીં, પણ તેની ખૂબીઓ જોતા હું કહી શકું કે કોઈ ગાયક તેની બરાબરી કરી શકે તેમ નથી." લતાજીના નિધનના બે વર્ષ બાદ આજે આશાજી પણ તેમની પાસે પહોંચી ગયા છે.

### સચિનનાં પુત્રનાં લગ્નમાં છેલ્લી જાહેર હાજરી

આશાજી માત્ર ગાતા જ નહીં, પણ જીવનને મનભરીને માણતા પણ હતા. હજુ બે વર્ષ પહેલા જ દુબઈ કોન્સર્ટમાં તેમણે વિકી કૌશલના 'તૌબા તૌબા' ના હૂક સ્ટેપ્સ રિક્રિએટ કર્યા હતા. તેમની છેલ્લી જાહેર હાજરી અર્જુન તેંડુલકરના લગ્નમાં જોવા મળી હતી, જ્યાં તેઓ પોતાની ટ્રેડમાર્ક આઈવરી-ગોલ્ડ સાડી અને સફેદ ગુલાબમાં સજ્જ થઈને મીડિયા સમક્ષ હસતા દેખાયા હતા.





### પ્રેગ્નન્સીમાં ઘર છોડવાથી લઈને બે સંતાનોના વિયોગ સુધી: આશાજીના જીવનની કરુણ સફર

આશા ભોસલેનું જીવન તેમના ગીતો જેવું જ વૈવિધ્યસભર અને ઉતાર-ચઢાવવાળું રહ્યું છે. પડદા પાછળ જે અવાજ દુનિયાને મનોરંજન પૂરું પાડતો હતો, તે હકીકતમાં અંગત જીવનમાં અનેક વાવાઝોડાંઓનો સામનો કરી રહ્યો હતો.

### વારસાનું વટવૃક્ષ: પિતાના આશીર્વાદથી 'આખરી મુગલ' સુધી

પંડિત દીનાનાથ મંગેશકરના અવસાન બાદ ૯ વર્ષની આશા અને મોટી બહેન લતા પર પરિવારની જવાબદારી આવી પડી. ૧૯૪૩માં મરાઠી ફિલ્મથી શરૂ થયેલી આ સફર ૮૦ વર્ષ સુધી અતૂટ રહી. કે.એલ. સાયગલથી શરૂ થયેલો સુવર્ણ યુગ રફી, કિશોર, મુકેશ, તલત મહેમૂદ અને લતાજીની વિદાય બાદ આશાજીના રૂપમાં જીવંત હતો. હવે એ શૃંખલા પૂર્ણ થઈ છે; હવે માત્ર રેકોર્ડિંગ્સ છે અને એ ખાલીપો છે જ્યાં ક્યારેક સંગીતની દુનિયા ધબકતી હતી.

### પુત્રી અને પુત્રના નિધનથી તૂટેલું હૃદય

**પતિના નિધન બાદ આશાજી પર દુઃખનો પહાડ ત્યારે તૂટ્યો જ્યારે ૨૦૧૨માં તેમની પુત્રી વર્ષાએ આત્મહત્યા કરી લીધી. તેના માત્ર ત્રણ વર્ષ બાદ ૨૦૧૫માં મોટા પુત્ર હેમંતનું કેન્સરને કારણે નિધન થયું. બે સંતાનોને ગુમાવવાની આ પીડાએ આશાજીને ભીતરથી તોડી નાખ્યા હતા, છતાં સંગીત પ્રત્યેની તેમની નિષ્ઠાએ તેમને જીવંત રાખ્યા.**





### આશાજીના એ ૧૦ ગીતો જેણે ભારતીય સંગીતનો ઇતિહાસ રચ્યો

*'ઈન આંખો કી મસ્તી કે મસ્તાને હઝારો હૈ...'*

દરેક પેઢી અને દરેક મૂડ માટે આશાજી પાસે એક ખાસ ગીત હતું. તેમના અવાજની વિવિધતાના આ રહ્યા શ્રેષ્ઠ ઉદાહરણો:

***૧. વિદ્રોહ અને યુવા જોશ: 'દમ મારો દમ'***
હિપ્પી કલ્ચર અને આઝાદ ખ્યાલોનું પ્રતિક બનેલું આ ગીત આજે પણ એટલું જ લોકપ્રિય છે. આશાજીએ આમાં જે અંદાજ રેડ્યો તે બોલિવૂડ માટે સાવ નવો હતો.

***૨. રોમેન્ટિક મેજિક: 'ચુરા લિયા હૈ તુમ્ને જો દિલ કો'***
આશાજીનો સૌથી યાદગાર રોમેન્ટિક સૂર. પંચમ દાના સંગીતમાં આશાજીના અવાજે આ ગીતને 'સદાબહાર' બનાવી દીધું છે.

***૩. શાસ્ત્રીય ગહનતા: 'દિલ ચીઝ ક્યા હૈ'***
'ઉમરાવ જાન' ની આ ગઝલ દ્વારા આશાજીએ સાબિત કર્યું કે તેઓ માત્ર પોપ કે ચંચળ ગીતો જ નહીં, પણ શાસ્ત્રીય સંગીત પર પણ સંપૂર્ણ મહારત ધરાવે છે.

***૪. ડાન્સ અને ડિસ્કો વાઈબ્સ: 'રાત બાકી બાત બાકી'***
પોતાના ડાયનેમિક અવાજથી આશાજીએ ૮૦ના દાયકામાં ડિસ્કો કલ્ચરને ગજવ્યું હતું. આજે પણ રેટ્રો પાર્ટીમાં આ ગીત ફેવરિટ છે.

***૫. કેબ્રે અને ગ્લેમર: 'પિયા તુ અબ તો આજા'***
મોનિકા ઓ માય ડાર્લિંગ... આ ઉદગાર સાથે આશાજીએ કેબરે ગીતોને એક ગૌરવપૂર્ણ અને પાવરફુલ ઓળખ આપી હતી.

***૬. સ્ટાઈલિશ અંદાજ: 'જવાની જાનેમન'***
ફિલ્મ 'નમક હલાલ'નું આ ગીત આશાજીના સ્ટાઈલિશ અને પાવરફુલ ગાયનનું ઉત્તમ ઉદાહરણ છે.

***૭. ચંચળતા અને જીવંતતા: 'એક મૈં ઔર એક તુ'***
આ ડ્યુએટ ગીતમાં આશાજીની ઉર્જા અને રમતિયાળ અંદાજ ગીતને વધુ આકર્ષક બનાવે છે.

***૮. ફન અને મસ્તી: 'હંગામા હો ગયા'***
એનર્જીથી ભરપૂર આ ગીત આજે પણ લગ્ન-પ્રસંગો કે પાર્ટીઓમાં હંગામો મચાવવા માટે પૂરતું છે.

***૯. ઇમોશનલ ટચ: 'પ્યાર કરને વાલે'***
ગંભીર લાગણીઓને વ્યક્ત કરતું આ ગીત આશાજીની સંવેદનશીલ ગાયકીનું સુંદર પાસું દર્શાવે છે.

***૧૦. આકર્ષક પ્રસ્તુતિ: 'યે મેરા દિલ'***
ફિલ્મ 'ડોન' નું આ ગીત સાંભળતા જ એક અલગ જ ઉર્જાનો સંચાર થાય છે. આશાજીનો અવાજ અહીં મોહક અને દમદાર છે.

### ૬ વર્ષ નાના પંચમ દા સાથે 'બીજી ઇનિંગ" આઈએ મહેરબાન, બૈઠિયે જાન-એ-જાન...'

૧૯૮૦માં આશાજીના જીવનમાં ફરી પ્રેમની બહાર આવી. આર.ડી. બર્મન (પંચમ દા) આશાજીથી ૬ વર્ષ નાના હતા અને આશાજીને ત્રણ બાળકો હતા, એટલે પંચમના પરિવારમાં આ લગ્નનો વિરોધ હતો. છતાં પંચમ દા મક્કમ રહ્યા અને બંને લગ્નગ્રંથિથી જોડાયા. આ જોડીએ સંગીતના ઇતિહાસમાં શ્રેષ્ઠ ગીતો આપ્યા, પરંતુ ૧૯૯૪માં પંચમ દાના નિધને આશાજીને ફરી એકલા પાડી દીધા.

### સંઘર્ષના સાથિયા: લતાજીના પડછાયાથી પોતાની સલ્તનત સુધી

૧૬ વર્ષની ઉંમરે પરિવારની મરજી વિરુદ્ધ ગણપતરાવ ભોસલે સાથે કરેલા લગ્ને આશાજીના જીવનને વળાંક આપ્યો. ૧૯૬૦માં જ્યારે તેઓ અલગ થયા, ત્યારે ત્રણ બાળકોની જવાબદારી તેમની એકલીની હતી. આ જ સંઘર્ષે તેમના અવાજને ધાર આપી. જ્યારે લતાજીને શાસ્ત્રીય અને શુદ્ધ ગીતો મળતા, ત્યારે આશાજીએ કેબરે, વેમ્પ સોન્ગ્સ અને બોલ્ડ ગીતો સ્વીકાર્યા. તેમણે આ ગીતોમાં એવી બુદ્ધિ પ્રતિભા અને આગ રેડી કે તે ગીતો કાયમ માટે યાદગાર બની ગયા.

### વિરાટ આભ: ૧૨,૦૦૦ ગીતો અને ૨૦ ભાષાઓની જાદુગરી

*'મેરા કુછ સામાન તુમ્હારે પાસ પડા હૈ...'*

આશાજીનો વ્યાપ સમજવો અશક્ય છે. મધુબાલાથી લઈને ઉર્મિલા માતોંડકર સુધી અને એ.આર. રહેમાનના 'રંગીલા' સુધી તેઓ હંમેશા 'ફ્રેશ' રહ્યા. ૧૯૮૭માં ફિલ્મ 'ઇજાઝત'નું 'મેરા કુછ સામાન' તેમના કરિયરનું સૌથી જટિલ અને શ્રેષ્ઠ રેકોર્ડિંગ મનાય છે. તેઓ અંત સુધી એક સક્રિય કલાકાર હતા.

#### પંચમ દા સાથેનો સમન્વય

*'આજા આજા, મૈં હૂં પ્યાર તેરા...'*

આર.ડી. બર્મન (પંચમ દા) સાથેની ભાગીદારીએ તેમની રેન્જને નવી ઊંચાઈ આપી. 'તીસરી મંઝિલ'ના જોશભર્યા ગીતો હોય, 'ઉમરાવ જાન' (૧૯૮૧)ની ગંભીર ગઝલ 'દિલ ચીઝ ક્યા હૈ' હોય કે 'ઇજાઝત' (૧૯૮૭)નું અત્યંત અંગત અને ભાવુક ગીત 'મેરા કુછ સામાન'–આશાજી સિનેમાની લાગણીશીલ ભાષાના જાદુગર હતા. તેઓ કહેતા, "મેં ક્યારેય કરિયરનું પ્લાનિંગ નથી કર્યું, જે સામે આવ્યું તે ગાયું." તેમના માટે રિયાઝ એ શ્વાસ લેવા જેટલું જ અનિવાર્ય હતું.

#### ઉદારતાની મૂર્તિ: નવા કલાકારો માટે એવોર્ડ્સનો ત્યાગ

*'દુનિયા મેં લોગોં કો, ધોખા હો જાતા હૈ...'*

આશાજી માત્ર ગાયિકા જ નહીં, પણ મોટા મનના વ્યક્તિત્વ હતા. એક સમય એવો આવ્યો જ્યારે તેમણે સ્પર્ધાત્મક એવોર્ડ્સ સ્વીકારવાનું બંધ કરી દીધું. તેમણે કહ્યું હતું, "ફિલ્મફેર એવોર્ડ્સ મોટાભાગે દીદી (લતાજી), રફી સાહેબ, કિશોર દા અને મને જ મળતા. જે નવી ગાયિકાઓ આવતી હતી તેમને અન્યાય થતો હતો. વળી, એવોર્ડ એ આખી ટીમની મહેનત છે, માત્ર ટ્રોફી લઈને હું જ બધો શ્રેય લઈ લઉં તે મને ઉચિત ન લાગ્યું."

#### આધુનિકતા અને સાતત્યનો સેતુ

*'આગે ભી જાને ના તુ, પીછે ભી જાને ના તુ...'*

જ્યારે સંગીતમાં અવાજની અપેક્ષાઓ ખૂબ જ જડ હતી, ત્યારે આશાજીએ તેમાં 'ટેક્સચર', 'શરારત' અને વાતચીત જેવી સહજતા ઉમેરી. 'દમ મારો દમ' ના પોપ એનર્જીથી લઈને 'ઉમરાવ જાન' ની ગઝલની ઊંડાઈ સુધી, તેમણે કોઈ પણ દેખાડો કર્યા વગર પ્રયોગો કર્યા. તેમનું જીવન પણ આ જ પ્રકારની સ્થિતિસ્થાપકતાનું પ્રતિબિંબ હતું.



### ઓ.પી. નૈયર અને આર.ડી. બર્મન: ઓળખથી અમરત્વ સુધી

*'ચુરા લિયા હૈ તુમને જો દિલ કો, નઝર નહીં ચુરાના...'*

જો ઓ.પી. નૈયરે આશાજીને તેમની આગવી ઓળખ આપી, તો આર.ડી. બર્મને તેમને અમરત્વ આપ્યું. નૈયર સાથેના 'ઉડે જબ જબ ઝુલ્ફે તેરી' જેવા ગીતોમાં જે 'સ્વેગર' હતું, તે હિન્દી સંગીત માટે નવું હતું. ત્યારબાદ પંચમ દા સાથેના 'દમ મારો દમ' અને 'પિયા તુ અબ તો આજા'એ સંગીતની પરિભાષા બદલી નાખી. ૧૯૮૦માં બંનેના લગ્ન થયા અને ૧૯૯૪માં પંચમ દાના અવસાન સુધી આ સર્જનાત્મક જોડીએ અગણિત હિટ્સ આપ્યા.



### પહેલા લગ્ન અને કાળઝાળ સંઘર્ષ

૧૬ વર્ષની ઉંમરે ગણપતરાવ ભોસલે સાથે કરેલા લગ્ન આશાજી માટે અગ્નિપરીક્ષા સમાન સાબિત થયા. આશાજીએ એકવાર પીડા સાથે જણાવ્યું હતું કે:
"પતિનો પરિવાર ખૂબ જ રૂઢિચુસ્ત હતો, તેઓ સિંગિંગ સ્ટારને સ્વીકારી શકતા નહોતા. જ્યારે હું મારા નાના પુત્ર આનંદને જન્મ આપવાની હતી (પ્રેગ્નન્સી દરમિયાન), ત્યારે મને બે બાળકો સાથે ઘરમાંથી કાઢી મૂકી માયકે જતી રહેવા કહેવામાં આવ્યું હતું." ૧૧ વર્ષના એ લગ્નજીવનના કડવા અનુભવો બાદ તેઓ ત્રણ બાળકોની જવાબદારી સાથે એકલા હાથે ઝઝૂમ્યા.

